SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-3, July to September: 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ઉર્દૂ ગઝલના પિતામહ: વલી ગુજરાતી

*ઇકબાલહુસેન બોકડા*

**સારાંશ :**

**જેમની સ્મૃતિમાં ગુજરાત સરકાર 'વલી ગુજરાતી એવૉર્ડ' અર્પણ કરે છે, એવા ઉર્દૂ ગઝલના પિતામહ વલીમુહમ્મદ 'વલી' ગુજરાતી (૧૬૬૭-૧૭૦૭)ની ગઝલની અસરો માત્ર ઉર્દૂ, હિન્દી અને ગુજરાતી જ નહીં; પરંતુ લગભગ તમામ ભારતીય ભાષાઓ પર વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. ઉર્દૂ ભાષાના ખ્યાતનામ ઇતિહાસકાર મુહમ્મદહુસૈન આઝાદે (૧૮૩૦-૧૯૧૦) વલી ગુજરાતીને 'ઉર્દૂ ભાષાના 'ચૌસર' (Geoffrey Chaucer) કહ્યા છે.[૧]**

ઇતિહાસકારો મહાન કવિ વલીના જન્મસ્થળ વિશે ચોક્કસ તારણ પર પહોંચી શક્યા નથી. દખ્ખણના ઘણા ઉર્દૂ લેખકો તેમનો જન્મ ઔરંગાબાદમાં થયો હોવાનું જણાવીને તેમને 'વલી' દક્કની કે 'વલી' ઔરંગાબાદી તરીકે ઓળખાવે છે, જ્યારે ગુજરાતના ઇતિહાસકારો સ્પષ્ટ મત ધરાવે છે કે 'વલી'નો જન્મ અમદાવાદમાં ઈ.સ. ૧૬૬૭માં થયો હતો. ઉર્દૂ ભાષાના ગુજરાતી ઇતિહાસકાર સૈયદ ઝહીરુદ્દીન મદનીના મતાનુસાર તેમનો જન્મ અમદાવાદમાં થયો હતો અને તેઓ પ્રખ્યાત સૂફી શાહ વજીહુદ્દીન અલવી (અવસાન ૧૫૮૯)ના વંશજ હતા.[૨] ગુજરાતના ઉર્દૂ સાહિત્યનો ગહન અભ્યાસ કરનાર સંશોધક અખ્તર જૂનાગઢીએ પણ અનેક ઐતિહાસિક તથ્યોના આધારે એ વાત સાબિત કરી છે કે મધુર ગઝલોના સર્જક કવિ વલીનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે વલીના ઔરંગાબાદમાં જન્મના મંતવ્યને દક્ષિણના લેખકોના પૂર્વગ્રહ પર આધારિત હોવાનું પુરવાર કર્યું છે.[3] વલીના કાવ્યસંગ્રહનું સંકલન કરનાર ફ્રેંચ ઇતિહાસકાર ગાર્સાં દ તાસી (Garcin de Tassy 1794-1878) તેમજ 'તઝકિરતુ-અલ-શોઅરા'ના સર્જક મીર હસનના મતાનુસાર વલીનો જન્મ અમદાવાદમાં થયો હતો.[૪]

જોકે એ વાતમાં તમામ ઇતિહાસકારો એકમત છે કે વલીએ ગુજરાતના અમદાવાદમાં શાહ વજીહુદ્દીન (૧૪૯૦-૧૫૮૦)ની ખાનકાહમાં સ્થિત મદ્રસામાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેઓ બાળપણથી લઈને આજીવન ગુજરાતમાં રહ્યા, અહીં જ ઈ.સ. ૧૭૦૭માં તેમનું અવસાન થયું અને તેમને શાહી બાગ વિસ્તારમાં દફન કરવામાં આવ્યા. તેમનું મઝાર અહીં છેક ૨૧મી સદીના પ્રારંભ સુધી મોજૂદ હતું. ચાલુ સદીના પ્રારંભમાં માર્ગ પહોળો કરવામાં આવતાં ગુજરાતનું આ ઐતિહાસિક સ્મારક વિકાસને ભેટ ચઢી ગયું છે. ગુજરાતી ગઝલસર્જક પુરુષોત્તમ ઉપાધ્યાય લખે છે: "વલી ગુજરાતી મહાન સૂફી અને ઉર્દૂ ભાષાના આધારભૂત નિષ્ણાત હતા. તેમણે ગુજરાતમાં સૌપ્રથમ ઉર્દૂ શબ્દકોશ તૈયાર કર્યો. અમદાવાદ સ્થિત તેમનું મઝાર 'તમામ ભાષાઓના ગઝલ-સર્જક કવિઓ માટેનું મક્કા' ગણાય છે."[૫]

કવિ આદિલ મન્સૂરી (૧૯૩૬-૨૦૦૮)એ તો દેશપ્રેમની પ્રબળ ભાવનામાં એવું કહ્યું હતું:

વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ'    અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે

જ્યારે વલીએ હંમેશ માટે પોતાના દેહને અમદાવાદની માટીનો અંશ બનાવી દઈને આ ઉક્તિને સાર્થક કરી.

વલીએ સૂરત શહેરની પ્રશંસામાં એક વિસ્તૃત્ત મષ્નવી લખી છે.(૬) આ બાબત પણ વલીના ગુજરાત પ્રત્યેના પ્રેમને સાર્થક કરે છે. સૂરતની વખાણ કરતાં વલી લખે છે:

અજબ શહરોં મેં હૈ પુરનૂર યક શહર, બિલા શક વોહ હૈ જગ મેં મકસદે દહર

રહે મશહૂર ઉસ કા નામ સૂરત કે જાવે જિસ કે દેખે સબ દર્દ કુદરત

વલીને ઉર્દૂ ગઝલના પિતામહ કહેવાય છે. આમ તો ઉર્દૂમાં કાવ્ય લખવાની શરૂઆત છેક પ્રારંભિક મધ્યકાળમાં થઈ ચૂકી હતી. સૂફી અમીર ખુસરો (૧૨૫૩-૧૩૨૫) ઉર્દૂના સૌથી પહેલા કવિ ગણાય છે. મુહમ્મદ કુલી કુતુબશાહ (૧૫૬૫-૧૬૧૨) સહિત અનેક સાહિત્યકારોએ મધ્યકાળમાં ઉર્દૂ શાયરીમાં વિપુલ યોગદાન અર્પણ કર્યું હતું, પરંતુ તે સમયની ભાષા રેખ્તા અને ફારસીનું ભાષા મિશ્રિત હતી. આધુનિક શૈલીમાં શાયરી લખનાર તરીકેનું બહુમાન વલીને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે.

વલીએ પ્રેમ, તસવ્વુફ અને દર્દ જેવા વિષયો પર પ્રચુર માત્રામાં ગઝલોનું સર્જન કર્યું છે. તેમની શાયરી વાસ્તવિક શાશ્વત પ્રેમ અને પ્રિયતમાનો પ્રેમ બંનેને આવરી લે છે. એક ગઝલ તેઓ લખે છે:

જિસે ઈશ્ક કા તીર કારી લગે, ઉસે ઝિંદગી ક્યૂં ન ભારી લગે?

ન હોવે ઉસે જગ મેં હરગિઝ કરાર, જિસે ઈશ્ક કી બેકરારી લગે

જેને પ્રેમનું તીર સફળતાપૂર્વક વાગી જાય, તેનું જીવન કેમ મુશ્કેલ ન બની જાય? જેને પ્રેમની બેકરારી વળગી જાય, તેને જીવનમાં કદાપિ શાંતિ કે હાશકારાનો અનુભવ થવાનો નથી.

વલી શાશ્વત કે ક્ષણભંગુર પ્રેમની વેદના અને જીવન પર તેના પ્રભાવોનું વર્ણન કરતાં લખે છે:

શુગ્લ બેહતર હૈ ઈશ્કબાઝી કા, કયા હકીકી વ કયા મજાઝી કા

આજ તેરી ભવાં ને મસ્જિદ મેં, હોશ ખોયા હૈ હર નમાઝી કા

. પ્રેમની મગ્નતા એક શ્રેષ્ઠ કાર્ય છે, ભલે ને પછી એ વાસ્તવિક પ્રેમ હોય કે નાશવંત પ્રેમ હોય. હે પ્રિયતમ! આજે તો એવી અજબ ઘટના બની કે તારી ભ્રમરોના દર્શન કરીને દરેક નમાઝી પોતાના હોશ ગુમાવી બેઠો. આ શે'અરમાં વલીએ શાશ્વત પ્રેમ અને નાશવંત પ્રેમનો અદભૂત સમન્વય કર્યો છે.

યાદ કરના હર ઘડી ઉસ યાર કા, હૈ વઝીફા ઈસ દિલે બીમાર કા

દરેક પળે એ પ્રિયતમાને યાદ કરવું એ જ આ બીમાર દિલનું કામ રહી ગયું છે..

ઈ.સ. ૨૦૧૧માં ગુજરાત સરકારે અમદાવાદ શહેરની સ્થાપનાની ૬૦૦મી વર્ષગાંઠ '૬૦૦ નોટઆઉટ'ના શીર્ષકથી ઉજવી, ત્યારે અમદાવાદના સાહિત્યિક ઇતિહાસને સંપન્ન કરનાર અને અમદાવાદની માટીમાં ભળી જનાર કવિ 'વલી'ના જીવન પર ફિલ્મનિર્માતા ગોપાલ અન્નમે બનાવેલ સંક્ષિપ્ત ફિલ્મે શ્રેષ્ઠ ફિલ્મનું સન્માન પ્રાપ્ત કર્યું હતું.(૭)

## સંદર્ભસૂચિ:

(૧) આઝાદ, મુહમ્મદહુસૈન (૧૯૦૭) આબે હયાત (ઉર્દૂ) (નવલકિશોર પ્રિન્ટિંગ પ્રેસ, લાહોર) પાન: ૮૩ &

પરીખ, રસિકલાલ & શાસ્ત્રી, હરિપ્રસાદ (૨૦૧૧). ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ: મુઘલકાળ ગ્રંથ-૪ (ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ) પાન: ૩૩૧

(૨) મદની, સૈયદ ઝહીરુદ્દીન (૧૯૯૯) સુખનવરાને ગુજરાત (ઉર્દૂ) (નેશનલ ઉર્દૂ કાઉન્સિલ, નવીદિલ્હી) પાન: ૮૫

(૩) જૂનાગઢી, કાઝી અહમદમિયાં અખ્તર (૧૯૮૯) મઝામીને અખ્તર જૂનાગઢી (ઉર્દૂ) (પંજાબ યુનિવર્સિટી, લાહોર) પાન: ૧૯-૨૦

(૪) પરીખ, રસિકલાલ & શાસ્ત્રી, હરિપ્રસાદ એજન,પાન: ૩૩૧

(૫) Frontline (Fortnightly) Vol:19, Issue:10 24th May, 2002

(૬) પરીખ, રસિકલાલ & શાસ્ત્રી, હરિપ્રસાદ એજન, પાન: ૩૩૧

(૭) Pathak, Santana's article ' Wali Gujarati Rediscovered' (The Times of India Dec. 18, 2010)